# અંબાજીના પાનસા નજીક કાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત : ચારના મોત

ડીસા, તા. ૧૨

યાત્રાધામ અંબાજી નાં પાનસા નજીક આજે થયેલ એક ગમખ્વાર અકસ્માતમાં મારુતિ કરમાં સવાર પાંચ મુસાફરોમાંથી ચારના ધટના સ્થળે કમકમાટી ભર્યા મોત થયેલ છે. જયારે અન્ય એક મુસાફર ગંભીર ઘાયલ થતા તેને પાલનપુર ખાતે વધુ સારવારે રીફર કરાયેલ છે. મૃતકો માં ત્રણ મહિલા અને એક પુરુષ નો સમાવેશ થાય છે. અકસ્માત બાદ ટ્રેક્ટર ટ્રોલી સાથે પલટી ખાઈ ગયું હતું. જેનાથી કારમાં સવાર મુસાફરોનો ખુડદો બોલી ગયો હતો.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સ્થાનિકોએ રાહત અને મદદ પહોચાડી કારમાંથી મહામહેનતે ઘાયલ મુસાફરને બહાર કાઢ્યો હતો. જેને -થમ અંબાજી કોટેજ હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી અને તેને વધુ સારવારે પાલનપુર ખસેડ્યો હતો. જયારે આ ધટનાની જાણ થતા અંબાજી પોલીસ ઈન્સ્પેકટર જે. ડી. સુતરીયા સ્ટાફ સાથે ધટના સ્થળે પહોચ્યા હતા જેમને મૃતકોની લાશને પી.એમ. અર્થે અંબાજી ખસેડી વાહન વ્યવહાર ચાલુ કરાવ્યો હતો. પોલીસની -ાથમિક તપાસમાં અંબાજી ઈસ્કોન ખાતે કોઈ સામજિક કાર્યક્રમમાં આ મુસાફરો હાજરી આપવા આવેલા વ્યક્તિ ઓં કાર માં પરત જતા હતા અને તમામ સાંસ્કૃતિક -ેગ્રામ ઓર્ગેનાઈઝ કરતા કલાકારો હતા. જેઓં ઈસ્કોન ખાતે નો તેમનો કાર્યક્રમ પૂરો થતા પરત જતા હતા. ત્યારે પાનસા નજીક ટ્રેક્ટર ચાલકે ગફલતભર્યુ ડ્રાઈવિંગ કરી કાર ને ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં (૧) પારૂલબેન ઉમર વર્ષ-૪૨ -રહે- કુકરવાડા (૨) પરમાર મિત્તલબેન ઉમર વર્ષ-૨૪- રહે-કલોલ (૩) પરમાર નીકીતાબેન ઉમર વર્ષ-૨૪ રહે- ખનોસા તેમજ તેમના પતિ (૪) પરમાર હેમંતભાઈ ઉમર વર્ષ-૩૦ નામના ચાર મુસાફરો મોત ને ભેટ્યા છે. ઈન્દ્રજીત ચોહાણ નામના મુસાફરને ગંભીર ઈજા થતા સારવાર અર્થે પાલનપુર ખસેડાયેલ છે,આ મામલે અંબાજી પોલીસે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)




# વડાગામમાં ઉત્તરાયણની ધૂમ ખરીદી બજારમાં ગ્રાહકો ઉભરાયા

વડાગામ, તા.૧૨

ઉત્તરાયણમાં નાના બાળકોથી લઈને વડીલો તથા મહિલાઓ પણ ઉત્સાહ અને હર્ષોલ્લાસથી ત્યૌહાર મનાવતા જોવા મળે છે. તથા ઉત્તરાયણના દિવસે પતંગ ઉડાડવાની સાથે સાથે લોકો ધાબા ઉપર ચડી વિવિધ વાનગીઓની જયાફત ઉડાડતા પણ જોવા મળે છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામમાં ઉત્તરાયણ પર્વને બે જ દિવસ બાકી હોવાથી પતંગ રસિયાઓ દોરી અને પતંગની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે. ગત વર્ષ કરતા ચાલુ સાલે પતંગ-દોરીના ભાવમાં ૨૫ ટકા જેટલો અસહ્ય ભાવવધારો જોવા મળી રહ્યો હોવા છતાં વડાગામની પતંગ દોરીની દુકાનોમાં ભીડ જોવા મળી રહી છે.

આ સાલે આગવું આકર્ષણ એવા આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પોસ્ટર વાળા પતંગોએ દબદબો જાળવી રાખ્યો હોય તેવો માહોલ પેદા થવાની સાથે સાથે પતંગ બનાવતા કારીગરો પણ લોકોની પસંદ ના પસંદનુ ધ્યાન રાખી વિવિધ પોસ્ટરોવાળા પતંગ બજારમાં મુકતા હોય લોકો આવા પોસ્ટરવાળા પતંગની પસંદગી વધુ કરવાની સાથે આ વર્ષે નરેન્દ્ર મોદીના પોસ્ટરવાળા પતંગો ઉપર પસંદગી ઉતારતાં બજારમાંથી નરેન્દ્ર મોદીના પોસ્ટરવાળા પતંગોનો જથ્થો ખલાસ થઈ ગયો છે. દુકાનદારોના જણાવ્યા અનુસાર ઉત્તરાયણ જેવો મહાપર્વ પણ મોદી વેવમાં આવી ગયો હોય તેવો નજારો વડાગામની દુકાનોમાં જોવા મળી રહ્યો છે.

# બામણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ.યુનિટ ધ્વારા ગ્રામોત્થાન અને સ્વચ્છતા શિબિર યોજાઈ

ભિલોડા,તા.૧૨

બામણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ.યુનિટ ધ્વારા જનાલી ખાતે તાજેતરમાં ગ્રામોત્થાન અને સ્વચ્છતા શિબિરનો કાર્યક્રમ યોજાયો હતો. દિપસિંહ રાઠોડ, સાંસદસભ્ય, સાબરકાંઠા-અરવલ્લીના વરદ્ હસ્તે ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ગજાનંદભાઈ પ્રજાપતી ઉપપ્રમુખ તા. પં. ભિલોડા, સંદીપભાઈ ગુર્જર, નાનજીભાઈ કલાસવા, ઉપપ્રમુખ દુર્ગાશંકર જોષી, મંત્રી જગદીશભાઈ જોષી, નવજીભાઈ પટેલ, કોલેજના પ્રિ. ડૉ. કલ્પનાબેન પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિબિર દરમ્યાન બેટી બચાવો આંદોલન, મફત આંખ નિદાન કેમ્પ, એચ. આઈ. વી. એઈડ્સ, દુધ ઉત્પાદન અને પશુપાલન, અંધશ્રધ્ધા નિવારણ કેમ્પ, જીવન જીવવાની કળા અને સંસાર કથા, બાળકોના કાયદા અને અધિકારો, ગ્રામ સફાઈ,પ્રભાત ફેરી જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. રાત્રે વ્યસનમુક્તિ, દહેજપ્રથા, પોલીયો, સફાઈ, અંધશ્રધ્ધા, જાજરૂની આવશ્યકતા ધ્વારા જનજાગૃતીનોપ્રયાસો કરવામાં આવ્યા હતા. સ્પર્ધાઓમાં વિજેતા બનેલા ઉમેદવારોને સ્પર્ધાને અંતે ઈનામ વિતરણ મહેમાનોને વરદ્ હસ્તે આપવામાં આવ્યા હતા.



ખેડબ્રહ્મા ખાતે સોમવારે શેઠ કે.ટી. હાઈસ્કૂલ ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ખેડબ્રહ્મા ખાતે વિર યુવા મેવાડ કલબ અને જીવ દયા મિત્ર મંડળ દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ બાળકો દ્વારા રેલી યોજી સ્કૂલથી નિકળી સરદાર ચોક, સ્ટેટ બેંક, સવિલ રોડ થઈ પરત ફરી હતી. આ ઉપરાંત ઉત્તરાયણ પર્વ નિમિત્તે પક્ષી બચાવો અભિયાન પણ શરુ કરવામાં આવ્યું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ)


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજના નાની ભાગોળ ખાતે મોદી સમાજની વાડીમાં ભાવસાર સમાજનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાના-નાના ભૂલકાંઓ ગરબા, નાટક, દેશભકિત ગીતો, ડાન્સ, ફિલ્મી ગીતો ગાઈ સુંદર રજૂઆત કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરનાર તમામ બાળકોને સમાજના આગેવાનોના હસ્તે ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જયારે સમાજના આગેવાનો દ્વારા સમાજની વાડી માટે તેમજ તેના નવીનીકરણ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સમાજના પ્રમુખ અશોકભાઈ ભાવસાર, વ્રજેશ ભાવસાર, વિજયભાઈ ભાવસાર સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી

અરવલ્લી જિલ્લાના મોડાસામાં સ્વામી વિવેકાનંદનો ૧૫૩મો જન્મ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એબીવીપીના કાર્યકરતાઓ અને મોડાસાની તમામ સ્કૂલો અને ગવર્મેન્ટ તથા પ્રાઈવેટ કોલેજોના વિદ્યાર્થીઓ આ રેલીમાં આશરે ૧૦૦૦ થી વધુ જોડાયા હતા. મોડાસામાં એબીવીપી કાર્યકર્તાઓ દ્વારા આજે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ ઉજવવામાં આવી હતી. જેમાં વિવિધ સ્કૂલો અને કોલેજના ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનો આ રેલીમાં જોડાયા હતા અને રેલી મોડાસાના મુખ્ય માર્ગો પર ફરી કોલેજના ભામાશા હોલમાં પ્રસ્થાન કર્યુ હતું. અને આ રેલીમાં મોડાસાની એન્જીનીયરીંગ કોલેજ, તત્વ કોલેજ, મ.લા. ગાંધી કેમ્પસની તમામ કોલેજ તથા મોડાસા, સર્વોદય અને સરસ્વતી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનેરેલીને અંતે સ્વામી વિવેકાનંદના જન્મથી લઈ તેમના મૃત્યુ સુધીના તમામ પળોની એબીવીપીના પ્રદેશ સંગઠન મંત્રી દર્શનભાઈ ગુંજાલ દ્વારા વકતવ્ય આપવામાં આવ્યું હતું. જ્યારે આ કાર્યક્રમ રૂપી રેલીને સફળ બનાવવા માટે મહેન્દ્ર મામા તથા વ્રજ પટેલ, બ્રિજેશ પંચાલ તથા તમામ કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પુનાદરા ગામે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૨

ભારતીય માનક બ્યુરો અમદાવાદના સહયોગથી અને ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજના ઉપક્રમે કપડવંજ તાલુકાના પુનાદરા ગામે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ભારતીય માનક બ્યુરો, અમદાવાદના આસિસ્ટંટ ડાયરેક્ટરો, ઈન્દ્રપાલ અને એલ.એસ. ચૌહાણ હાજર રહીને હોલમાર્ક અને આઈએસઆઈ માર્કો શું છે તથા તે માર્કાવાળી જ વસ્તુઓ શા માટે ખરીદવી તેના વિશે વિસ્તૃતમાં માહિતીઓ સમજાવી હતી અને જણાવ્યું હતું કે હોલમાર્ક એ ગુણવત્તાનું પ્રતિક છે. સોનાના ઘરેણા હોલમાર્કીંગવાળા જ ખરીદવા જોઈએ કારણ કે હોલમાર્ક એ સોનાની સાચી પરખ કરે છે. આ કાર્યક્રમમાં પુનાદરા ગ્રામ પંચાયતના સરપંચ, પ્રભાતસિંહ દિલીપસિંહ ઝાલા તથા દૂધ મંડળીના ચેરમેન, બેચરસિંહ દોલતસિંહ ઝાલા તેમજ આગેવાનો અને આંગણવાડી કાર્યકરો તથા મોટી સંખ્યામાં ગામની મહિલાઓ હાજર રહી હતી.

આ પ્રસંગે ગ્રાહક હિત સુરક્ષા મંડળની કામગીરી વિશે અને ગ્રાહક સુરક્ષા કાયદાની વિસ્તૃત માહિતી પ્રમુખ, નટુભાઈ બારોટે સમજાવી હતી. કાર્યક્રમનું સંચાલન મંડળના કાર્યકરો રવિના પટેલ, દર્શના વસાવા, દિવ્યેશા વળવી, સુરંદા વસાવા અને કુમલી વસાવા દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

# કુડોલ ગામે જમીનની અદાવતમાં આધેડની હત્યા

મોડાસા તાલુકા કુડોલ ઘાંટા વસવાટમાં રહેતા કોટવાળ મંગળાભાઈ ગલાભાઈ તથા કનુભાઈ વાલજીભાઈ કોટવાળના પરિવાર વચ્ચે જમીનના ભાગ બાબતે તકરાર ચાલતી હતી. જેમાં ગુરૂવારની રાત્રે થયેલા ઝઘડામાં કનુભાઈ કોટવાળ અને તેમના પુત્ર રાકેશભાઈ અને પત્ની તારાબેન ભેગા મળીને મંગળાભાઈ પર છરા વડે હુમલો કરી તીક્ષ્ણ ઘા ઝીંકી દીધા હતા. છરાના ઘા થી ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા આધેડનું કરૂણ મોત નિપજતા મૃતકના પુત્રએ એક મહિલા સહિત ત્રણ વ્યક્તિઓ સામે પોલીસમથકે હત્યાનો ગુનો નોંધાવ્યો હતો.

# ૨૦૧૩માં વરસાદથી પાક નિષ્ફળ ગયેલ જનતાને મામૂલી સહાય મંજૂર : ખેડૂતોમાં રોષ

મોડાસા તા.૧૨

વર્ષ ૨૦૧૩ ના ચોમાસા દરમિયાન ભારે સતત વરસાદથી પાકને ભારોભાર નુકશાન થયેલ જેથી નિષ્ફળ પાકના બદલામાં યોગ્ય સહાય મળે તે માટે ખેતીવાડી વિભાગ દ્વારા સર્વે હાથ ધરીને સરકારમાં દરખાસ્ત મોકલી હતી. જેમાં અરવલ્લી અને સાબરકાંઠા બંને જિલ્લાના ખેડૂતોને માત્રને માત્ર ૨૧-૧૫ કરોડ રૂપિયાની સહાય મંજુર કરવામાં આવી છે. બે વર્ષ પહેલાં નુકશાન થયુ અને આજે મામૂલી સહાય મંજૂર થતાં વધારે નુકશાનવાળા ખેડૂતોને અન્યાય થવાની દહેશત છે.

૨૦૧૩માં વરસાદે કાળો કેર કર્યો પાકની સાથે જમીન ધોવાઈ ગઈ. ખેતરોમાં પાણી ફરી વળતાં બેટ સમાન બન્યા પાક કોહવાઈ ગયો.ઢોરનું ઘાસ કોહવાઈ ગયું. અને આંખે દેખીએ તો ખેડૂતના પેટ ઉપર પાટુ મારવા સમાન કિસ્સો બન્યો જેથી નિષ્ફળ પાકની સામે યોગ્ય વળતર મેળવવા માંગ ઉઠી અને ખેતીવાડી વિભાગ દ્વારા સર્વે બાદ સરકારમાં રજૂઆત થતાં માત્ર ૨૧-૧૫ કરોડની સહાય બે વર્ષ બાદ મંજુર થયેલ છે.

ડીઝાસ્ટર વિભાગના નિયમો મુજબ ખૂબ જ ઓછી સહાય મંજૂર થઈ હોવાથી માંડ માંડ ૧૦ ટકા સહાય મળનાર હોવાનું જણાય છે. ઘણા વાસ્તવિક ખેડૂતો આ સહાયથી વંચિત પણ રહી જશે. અને જે લોકો વારંવાર ખેતીવાડી ખાતામાં જતા હતા. રજૂઆત કરતા હતા તેમને વધારે સહાય મળશે તેવુ સૂત્રોથી જાણવા મળેલ છે. આવો અન્યાય થશે તો રાજયના કૃષિમંત્રી-મુખ્યમંત્રી અને જિલ્લાના ખેતીવાડી વિભાગને જણાવતાં બંને જિલ્લાના કિસાન સંઘ ખેડૂત અગ્રણીઓ વિચારી રહ્યા છે. ૨૦૧૫ના માર્ચ પહેલાં સહાયની ત્વરીત ફાળવણી થાય તેવી માંગણી છે.


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા જન સેવા અંગ્રેજી, ગુજરાતી મીડીયમ સ્કુલમાં પતંગોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. જન સેવા અંગ્રેજી, ગુજરાતી મીડીયમના ધો.૧ થી ધો.૧૦ સુધીના વિદ્યાર્થીઓએ પતંગોત્સવ કાર્યક્રમમાં આનંદભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે જન સેવા સંઘના કમલેશભાઈ મહેતા, આચાર્ય બી.એસ.ઝાલા, બિન્તાબેન ત્રિવેદી સહિત સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સી.બી.એસ.સી. સ્કુલમાં સ્વામી વિવેકાનંદની ૧૫૨મી જન્મજયંતી ઉજવણી યોજાઈ. ધોરણ.૧૦ ની વિદ્યાર્થીની નેહલ પટેલએ સ્વામી વિવેકાનંદ વિષે પોતાના વિચારો રજુ કરી તેમના જન્મ,જીવન પ્રસંગો, કાર્યશૈલી વિશે ચર્ચા કરી હતી. જે આવનારી પેઢી ને પોતાના જીવનમાં ઉતારવાની પ્રેરણા આપે તેવા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦